## ભરૂચના પાંચમાં એડીશનલ સેસન્સ અને સ્પે. એન.ડી.પી.એસ. જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ

**એન.ડી.પી.એસ. કેસ નં. ૦૪/૨૦૨૫**

**–: આરોપી નં. (૨) ગુલામ ફરીદ અબ્દુલ્લા પટેલ તરફેની આંક–૨૪ ની ડિસ્ચાર્જ અરજી લગત હુકમ :–**

**(૧)** આરોપી નં. ૨ નાઓ તરફેની હાલની ડિસ્ચાર્જ અરજી વંચાણે લીધી. વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી નં. ૨ નાં વિ. વકીલશ્રીને સાંભળ્યા તથા રેકર્ડ ધ્યાને લીધું.

**(૨)** આ કામે આરોપી નં. ૨ નાઓનાં વિ.વ.શ્રી તરફે ડિસ્ચાર્જ અરજીની હકીકતો મુજબ રજુઆત છે કે, આરોપીઓને ભરૂચ શહેર 'એ' ડિવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૦૨૪૦૮૦૮/૨૦૨૪, એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૫, ૨૯(૧) મુજબનાં ગુનાનાં કામે અટક કરેલા અને તપાસ એજન્સી દ્વારા તપાસ પૂર્ણ કરી આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરેલ છે, જેનો એન.ડી.પી.એસ. કેસ નં. ૦૪/૨૦૨૫ પડેલ છે, તે ગુનાના કામે આરોપી નં. ૨ ને બિનતહોમત મુકત કરવા હાલની ડિસ્ચાર્જ અરજી દાખલ કરેલ છે.

**(૨.૧)** વધુમાં આરોપી નં. ૨ તરફે રજુઆત કરેલ છે કે, હાલનાં ગુનામાં પોલીસને બાતમી મળેલ કે, પ્રકાશ અંબાલાલ પટેલનાઓ તેમનાં પઝેશનમાં નાર્કોટીકસ સબસ્ટન્સ લઇને ભરૂચથી ચાવજ તરફ જઇ રહેલ છે તે આધારે વોચ રાખતા તેનાં કબજાની ગાડીમાંથી મેથાફેટેમાઇન મળી આવેલ અને ત્યારબાદ વધુ તપાસમાં હાલનાં આરોપી નં. ૨ ગુલામ ફરીદ અબ્દુલ્લાને પ્રકાશ પટેલની ગાડીમાં આ મુદ્દામાલ મેથાફેટેમાઇન પ્લાન્ટ કરનાર તરીકે ગુનામાં સાંકળેલ છે. વધુમાં એવી દલીલ છે કે, હાલનાં આરોપી નં. ૨ સામે માત્ર કોન્સ્પીરસીનો ચાર્જ છે. હાલનાં આરોપી નં. ૨ પાસેથી કોઇ મુદ્દામાલ ડ્રગ્સ મળી આવેલ નથી અને એફ.આઇ.આર. મુજબ પ્રકાશ પટેલ પાસેથી કોન્સીયશ પઝેશનમા મુદ્દામાલ મળેલો છે. વધુમાં એવી દલીલ છે કે,

એફ.આઇ.આર. મુજબનાં આરોપી પ્રકાશ પટેલની પુછપરછ કરતા હાલનાં આરોપી નં. ૨ નું નામ તેણે જણાવેલ, જેથી હાલનાં આરોપી નં. ૨ ને ગુનામાં સાંકળેલ છે, જયારે પ્રકાશ પટેલની સામે પોલીસે ચાર્જશીટ કરેલ નથી અને સી.આર.પી.સી. કલમ–૧૬૯ નો રીપોર્ટ કરેલ છે. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, જયારે પોલીસની હાજરીમાં એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશન આરોપી દ્વારા કરવામાં આવે, ત્યારે તેવું કન્ફેશન પુરાવામાં ગ્રાહય નથી અને જેથી પણ હાલનાં આરોપી નં. ૨ ને ગુનામાં સાંકળી શકાય તેમ નથી. વધુમાં એવી દલીલ છે કે, એફ.આઇ.આર. મુજબ આરોપી નં. ૧ પ્રકાશ અંબાલાલ પટેલને તેની ગાડી સાથે બાતમી આધારે અટકાવતા તેનાં કબજા ભોગવટાની મારૂતી વાન ગાડીમાં શંકાસ્પદ માદક પદાર્થનો જથ્થો રાખેલ છે તેવું પોલીસે જણાવતા સૌપ્રથમ પ્રકાશ પટેલે ના પાડેલ, ત્યારબાદ યુકિત–પ્રયુકિતથી પુછપરછ કરતા શંકાસ્પદ માદક પદાર્થનો જથ્થો હોવાનું તેણે હા પાડેલી તેવી હકીકત સ્પષ્ટ થાય છે. આમ, જયારે એફ.આઇ.આર. મુજબનાં આરોપી નં. ૧ પ્રકાશ પટેલનાઓએ કબુલ કરેલ છે કે, તેની ગાડીમાં માદક પદાર્થ રાખીને ટ્રાવેલીંગ કરી રહેલ છે, ત્યારબાદ પોલીસે ખોટી સ્ટોરી ઉભી કરી પ્રકાશ પટેલને નિર્દોષ માની હાલનાં આરોપી નં. ૨ ગુલામ ફરીદને ખોટી રીતે ગુનામાં સાંકળેલ છે, જેથી હાલનાં આરોપી નં. ૨ ને ડિસ્ચાર્જ કરવા રજુઆત કરેલ છે. વધુમાં એવી દલીલ છે કે, એફ.આઇ.આર. મુજબ સૌપ્રથમ મારૂતિ વાન ગાડીમાંથી એક કાળા કલરની પ્લાસ્ટીકની થેલીમાં સફેદ પાવડર ભરેલ પારદર્શક પ્લાસ્ટીકની થેલી મળી આવેલાની હકીકત જણાવેલ છે અને આ સ્થળ ઉપર લાઇટની સગવડ ન હોય ત્યાથી રેઇડીંગ પાર્ટી એસ.ઓ.જી. ઓફિસ આવેલ છે અને ત્યાં ગાડીમાંથી મળી આવેલ સફેદ રંગનો સ્ફીટમય પદાર્થ મળી આવેલાનું જણાવેલ છે. આમ, એફ.આઇ.આર. મુજબ સૌપ્રથમ પાવડર સ્વરૂપનો પદાર્થ મળી આવેલ છે, જયારે એસ.ઓ.જી.માં જઇ આ પદાર્થ કાઢતા સ્ફટીકમય સ્વરૂપનો પદાર્થ મળી આવેલાનું જણાવેલ છે, ત્યારે મુદ્દામાલ ચેડા થયેલાનું જણાય છે, તે સંજોગોમાં પણ આરોપી નં. ૨ ને ડિસ્ચાર્જ કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, સાહેદ પો.કો. કાનુભાઇ શામળભાઇના નિવેદનના આધારે આરોપી નં. ૨ ગુલામ ફરીદને

સાંકળેલ છે અને તેમનાં સ્ટેટમેન્ટ મુજબ ગુલામ ફરીદે તેઓને વોટસઅપ કોલ કરી બાતમી આપેલ, જયારે પોલીસે મોબાઈલનાં સી.ડી.આર. મેળવેલ છે અને તે સંજોગોમાં પણ વિરોધાભાષી હકીકત હોય આરોપી નં. ૨ ને ડિસ્ચાર્જ કરવા રજુઆત કરેલ છે. વધુમાં એવી રજુઆત છે કે, આ કામે આરોપી નં. ૨ ગુલામ ફરીદને ખોટી રીતે ગુનામાં સાંકળવા માટે પોલીસે આરોપી નં. ૨ ગુલામ ફરીદ સાથેનું ઓડીયો–વિડીયો રેર્કોડીંગ કરેલ છે તે રેકોર્ડીંગની વાતચીતનું પંચનામું પોલીસે કરેલુ છે તે જોતા, પોલીસે આરોપીને લોભ–લાલચ, ધાકધમકી આપી ગુનાની કબુલાત સ્વરૂપનું ઓડિયો–વિડીયો રેકોર્ડીંગ કરેલ હોય પોલીસ રૂબરૂ ગુનાની કબુલાત હોય તે પુરાવામાં ગ્રાહય નથી, તે સંજોગોમા પણ આરોપીને ડિસ્ચાર્જ કરવા રજુઆત કરેલ છે.

(૩) વિ.એ.પી.પી.શ્રી તરફે રજુઆત છે કે, આરોપી નં. ૨ ગુલામ ફરીદનાઓએ પોલીસને બાતમી આપેલ તે મુજબ પોલીસે એફ.આઈ.આર. મુજબના આરોપી પ્રકાશ અંબાલાલ પટેલના કબજાની મારૂતી વાન ગાડી નં.જી.જે.–૧૬–એયુ–૦૩૧૪ માંથી મેથાફેટામાઈન ડ્રગ્સનો જથ્થો ૬૨ ગ્રામ કિં.રૂા.૬,૨૦,૦૦૦/– તથા મોબાઈલ ફોન તથા ડીજીટલ વજનકાંટો તથા પ્લા.ની નાની જીપલોકવાળી થેલી નંગ–૨૦ કબજે કરેલ. આમ, આરોપી નં. ૨ ની બાતમીના આધારે હાલના ગુનાની સૌ પ્રથમ એફ.આઈ.આર. થયેલ અને ત્યારબાદ આરોપી પ્રકાશ અંબાલાલ પટેલના રીમાન્ડ મંજુર થતા તપાસની કાર્યવાહી દરમ્યાન એવી હકીકતો ખુલેલી કે, આરોપી નં. ૨ ગુલામ ફરીદ અબ્દુલ્લા પટેલનાઓ રહાડપોડ ગામના સરપંચના પતિ થતા હોય અને આરોપી પ્રકાશ પટેલ અવારનવાર રહાડપોર ગ્રામ પંચાયત તથા સરપંચ વિરુધ્ધમાં અરજીઓ કરતા હોય અને પંચાયતના કામો બાબતે આર.ટી.આઈ. કરી માહિતી માંગતા હોય, જેથી હાલના આરોપી નં. ૨ ગુલામ ફરીદ પટેલનાઓએ આરોપી પ્રકાશ પટેલને ખોટા કેસમાં ફસાવવા સારૂ આરોપી નં. ૧ અહેમદખાન ઉર્ફે શાહરૂખ શોકતખાન પઠાણને ટુકડે–ટુકડે રૂા. ૩,૫૦,૦૦૦/– આપી તેનાં દવારા એમ.ડી. ડ્રગ્સ મંગાવી આરોપી નં. ૧ ની મદદથી પ્રકાશ પટેલની મારૂતી વાનમાં આ એમ.ડી. ડ્રગ્સ મુકાવી પોલીસને આ બાબતની બાતમી આપી ગુનાહિત કાવતરુ કરી ગુનો કરેલ. વધુમાં દલીલ છે કે, આ હકીકત ખુલતા પોલીસે હાલના ગુનાના

કામે એન.ડી.પી.એસ. એકટની કલમ–૨૯(૧) નો ઉમેરો કરેલો છે. વધુમાં એવી દલીલ છે કે, આરોપી નં. ૨ નાઓએ અન્ય સહ–આરોપી નં. ૧ અહેમદ ખાન ઉર્ફે શાહરૂખને એમ.ડી. ડ્રગ્સ મંગાવવાનું કામ આપતા તેણે આરોપી નં. ૪ જહીર ઉર્ફે પિતળ સિકંદર શેખ કે જે વડોદરાના એન.ડી.પી.એસ.ના ગુનામા જયુડીશીયલ કસ્ટડીમા હોવા છતા મુદત તારીખે આરોપી નં. ૧ અહેમદ ખાન ઉર્ફે શાહરૂખ શોકતખાન પઠાણનાઓએ મળી ડ્રગ્સ મંગાવી આપવા જણાવતા આરોપી નં. ૪ નો સાળો હાલનાં ગુનાના આરોપી નં. ૩ આફતબ ઉર્ફે અપ્પુ પાસે થી મેળવી આપી ગુનો કરેલ છે. વધુમાં દલીલ છે કે, પોલીસે આરોપી નં. ૨ ગુલામ ફરીદનાઓએ 'એ' ડિવીઝનના હે.કો. કાનુભાઈને સૌપ્રથમ એફ.આઈ.આર.માં જણાવ્યા મુજબની બાતમી આપેલ તે હે.કો. કાનુભાઈનું નિવેદન લીધેલ છે તથા મોબાઈલનાં સી.ડી.આર. મેળવેલ છે. વધુમાં આરોપી નં. ૨ ગુલામ ફરીદનાઓએ આરોપી નં. ૧ અહેમદ ખાન ઉર્ફે શાહરૂખની સાથે જે ટેલીફોનીક વાતચીતો થયેલ તેનાં સી.ડી.આર. મેળવેલ છે. વધુમાં પી.આઈ.શ્રીએ આરોપી નં. ૨ ગુલામ ફરીદ તથા આરોપી નં. ૧ અહેમદખાન ઉર્ફે શાહરૂખનાઓની સાથે વાતચીત કરેલ તેનું ઓડીયો–વિડીયો રેકોર્ડીંગ કલમ–૬૫(બી) નાં સર્ટીફીકેટ સાથે ચાર્જશીટ સાથે સામેલ રાખેલ છે તથા આ વાતચીત થયા અંગેનું પંચનામું ચાર્જશીટ સાથે સામેલ છે. વધુમાં આરોપી નં. ૨ ગુલામ ફરીદ તથા પ્રકાશ પટેલ વચ્ચે આર.ટી.આઈ.ની અરજીઓનાં કારણે માથાકુટ હોય આરોપી નં. ૨ ગુલામ ફરીદે પ્રકાશ પટેલને ફસાવવા માટે આ મુદ્દામાલ એમ.ડી. ડ્રગ્સ પ્લાન્ટ કરાવેલ હોય તે હકીકતો પરત્વે આર.ટી.આઈ.ની અરજીઓ તપાસનાં કામે મેળવી ચાર્જશીટ સાથે સામેલ રાખેલ છે તથા તે બાબતે સાહેદોનાં નિવેદનો પણ મેળવેલ છે. વધુમાં દલીલ છે કે, આરોપી નં. ૧ અહેમદખાન ઉર્ફે શાહરૂખનું પણ નિવેદન લીધેલ છે, જેમાં તે સ્પષ્ટપણે કબુલ કરે છે કે, આરોપી પ્રકાશ પટેલને ખોટા ગુનાનામાં ફસાવવા એમ.ડી. ડ્રગ્સ તેની ગાડીમાં મુકવાનું કામ આરોપી નં. ૨ ગુલામ ફરીદનાઓએ સોંપેલુ અને તે પેટે રૂા. ૩,૫૦,૦૦૦/– તેણે મેળવેલા. વધુમાં દલીલ છે કે, આરોપી નં. ૨ ગુલામ ફરીદ હાલના ગુનાના કામે મુખ્ય કાવતરાખોર છે અને આરોપી પ્રકાશ પટેલને ખોટા કેસમાં ફસાવવા માટે તેની ગાડીમાં એમ.ડી. ડ્રગ્સ મુકાવેલ છે અને પોતે પોલીસને બાતમી આપેલ છે. વધુમાં દલીલ છે કે, આરોપીઓને ગુનામાં સાંકળવા માટેનાં પોલીસે પુરતા પુરાવાઓ

ચાર્જશીટ સાથે સામેલ રાખેલ હોય, પ્રથમદર્શનીય રીતે ગુનો બનતો હોય આરોપીઓ સામે ચાર્જફ્રેમ કરવા માટેનો પુરતો પુરાવો હોય હાલની ડિસ્ચાર્જ અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) રજુઆતો, એફ.આઇ.આર. તથા ચાર્જશીટનાં પેપર્સ ધ્યાને લીધા. હાલનાં કામે આરોપી નં. ૨ ગુલામ ફરીદનાઓએ આરોપી નં. ૧ અહેમદખાન ઉર્ફે શાહરૂખ દ્વારા હાલનાં ગુનામાં પ્રકાશ પટેલની ગાડીમાંથી કબજે થયેલ એમ.ડી. ડ્રગ્સ પ્લાન્ટ કરાવેલાનો મુખ્યત્વે આક્ષેપ છે અને આરોપી નં. ૨ ગુલામ ફરીદ મુખ્ય કાવતરાખોર તરીકે છે. વધુમાં પેપર્સ જોતા, આરોપી નં. ૨ ગુલામ ફરીદે સીટી 'એ' ડિવીઝન પો.સ્ટે.નાં કોન્સ્ટેબલ કાનુભાઇને પ્રકાશ પટેલની ગાડીમાં એમ.ડી. ડ્રગ્સ છે તે અંગેની બાતમી આપેલી, જે અંગે પોલીસે કાનુભાઇનું નિવેદન મેળવેલ છે તેમજ મોબાઇલનાં સી.ડી.આર. પણ મેળવેલ છે. વધુમાં તપાસ દરમ્યાન આરોપી નં. ૨ ગુલામ ફરીદ તથા પ્રકાશ પટેલ વચ્ચે આર.ટી.આઇ.ની અરજીઓ બાબતે વૈયમનસ્ય ચાલી આવતું હોય, જેથી પ્રકાશ પટેલને એન.ડી.પી.એસ.નાં ખોટા કેસમાં ફસાવવા સારૂ ડ્રગ્સ પ્લાન્ટ કરાવેલ હોવાની હકીકત પ્રકાશ પટેલની પુછપરછ દરમ્યાન ખુલેલી છે અને પોલીસે ત્યારબાદ ગુનાની તપાસ કરતા આરોપી નં. ૨ ગુલામ ફરીદ તથા આરોપી નં. ૧ અહેમદખાન ઉર્ફે શાહરૂખની સાથે વાતચીત કરતા આરોપી નં. ૨ ગુલામ ફરીદે આ મુદ્દામાલ ડ્રગ્સ આરોપી નં. ૧ અહેમદખાન દ્વારા મેળવી તેનાં દ્વારા પ્રકાશ પટેલની ગાડીમાં પ્લાન્ટ કરેલ હોવાની હકીકત તેમજ આરોપી નં. ૧ અહેમદખાન ઉર્ફે શાહરૂખનાઓએ આ મુદ્દામાલ એમ.ડી.ડ્રગ્સ આરોપી નં. ૪ ઝહીર ઉર્ફે ભુરીયો ઉર્ફે પીતળ સીકંદર શેખ કે જેઓ એન.ડી.પી.એસ.નાં ગુનામાં વડોદરા જેલમાં હતા તેમને મુદત તારીખે લાવતા તેનો સંપર્ક કરી આરોપી નં. ૪ નાઓએ આરોપી નં. ૩ આફતાબ ઉર્ફે અપ્પુ દ્વારા મેળવી આપેલ હોય તેવી હકીકતો આ વાતચીતમાં ખુલેલી છે અને પોલીસે આ વાતચીતનું ઓડીયો–વિડીયો રેર્કોડીંગ કરેલું છે, જે ચાર્જશીટ સાથે સામેલ છે તેમજ કલમ–૬૫(બી) નું સર્ટીફીકેટ પણ મેળવેલ છે. વધુમાં પોલીસે તપાસનાં કામે આરોપીઓના મોબાઇલનાં સી.ડી.આર. મેળવેલ છે,

જેમાં તેઓ એકબીજાના સંપર્કમાં હોવાની હકીકતો ખુલેલી છે, તે સી.ડી.આર. ચાર્જશીટમાં સામેલ છે. વધુમાં પ્રકાશ પટેલ તથા આરોપી નં. ૨ ગુલામ ફરીદ વચ્ચે આર.ટી.આઇ. બાબતે જે માથાકુટો ચાલતી હોય તે અંગેનાં આર.ટી.આઇ.ની અરજીઓ પણ મેળવેલ છે તથા સાહેદનાં નિવેદનો મેળવેલ છે. આમ, એકંદરે ચાર્જશીટનાં પેપર્સ જોતા, આરોપીઓ સામે ચાર્જફ્રેમ કરવા માટેનાં પુરતા પુરાવાઓ ઉપલબ્ધ છે, તે સંજોગોમાં આરોપી નં. ૨ ને ડિસ્ચાર્જ કરવા ન્યાયોચિત જણાતું નથી.

(૫) વધુમાં આરોપી તરફે એવી રજુઆત છે કે, પોલીસે આરોપીઓ સાથેની વાતચીતનું ઓડીયો-વિડીયો રેકોર્ડીંગ કરેલ છે, જે કન્ફેશન સ્વરૂપનું હોય પુરાવામાં ગ્રાહય રાખવા પાત્ર નથી. આરોપી તરફેની આ દલીલનાં સંદર્ભમાં જોવામાં આવે તો, આ વાતચીતનો પુરાવો પુરાવામાં ગ્રાહય રાખવાપાત્ર છે કે કેમ ? તે ટ્રાયલનો વિષય છે. વધુમાં પોલીસે આરોપીઓને માત્ર ઓડીયો-વિડીયો રેકોર્ડીંગનાં આધારે ગુનામાં સાંકળેલ નથી, પરંતુ તે સિવાય પણ પુરાવાઓ મેળવેલા છે, તે સંજોગોમાં હાલનાં તબકકે આરોપીનાં વિ. વકીલશ્રીની દલીલ સ્વીકારવાપાત્ર નથી.

(૬) વધુમાં આરોપી તરફે એવી રજુઆત છે કે, એફ.આઇ.આર. મુજબ પ્રકાશ પટેલની ગાડીમાંથી સૌપ્રથમ પાવડર સ્વરૂપનો મુદ્દામાલ કબજે થયેલ અને ત્યારબાદ એસ.ઓ.જી. પો.સ્ટે.માં ગયા બાદ સ્ફટીકમય સ્વરૂપનનો મુદ્દામાલ કબજે થયેલાની હકીકત જણાવેલ છે તે જોતા મુદ્દામાલનું સ્વરૂપ બદલાય ગયેલ છે, જેથી મુદ્દામાલ સાથે ચેડા થયેલા હોય આરોપીને ડિસ્ચાર્જ કરવા રજુઆત કરેલ છે. આ દલીલનાં સંદર્ભમાં જોવામાં આવે તો, આ હકીકત પુરાવાનો વિષય છે, હાલનાં તબકકે આ હકીકતનાં આધારે આરોપીને ડિસ્ચાર્જ કરી શકાય નહી.

(૭) આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપી નં. ૨ ને ગુનામાં સાંકળવા માટેનાં પુરતા પુરાવાઓ પોલીસે મેળવેલા હોય આરોપી નં. ૨ સામે

ચાર્જફ્રેમ કરવા માટેનો પુરતો પુરાવો રેકર્ડ ઉપર હોય હાલની ડિસ્ચાર્જ અરજી નામંજુર કરતો છેવટનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

– આરોપી નં. (૨) ગુલામ ફરીદ અબ્દુલ્લા પટેલનાઓની હાલની આંક–૨૪ ની ડિસ્ચાર્જ અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા. ૧૮ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૪/૨૦૨૬
સ્થળ : ભરૂચ

SUC

**( પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ અને
સ્પે. એન.ડી.પી.એસ. જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**